આ પ્રશ્નપત્રમાંથી ઓછા-વત્તા (થોડા-ઘણા) પ્રમાણમાં પ્રશ્નો તા. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૦૪ના રોજ લેવાનાર મુખ્ય પરીક્ષામાં પણ પુછાવાની શક્યતાઓ રહેલી છે.

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા

સત્સંગ શિક્ષણ પરીક્ષા

## પૂર્વ કસોટી : સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧

જાન્યુઆરી, ૨૦૦૪ સમય : સવારે ૯:૦૦ થી ૧૨:૦૦ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

### વિભાગ - ૧ : શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના

**પ્રશ્ન.૧. નીચેનામાંથી કોઈપણ બે વિષયોના સંદર્ભમાં શાસ્ત્રનાં ત્રણ પ્રમાણો આપો.** (૬ ગુણ)

૧. પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ એક અને અદ્વિતીય.

૨. અક્ષર અને પુરુષોત્તમ વચ્ચે સંબંધ.

૩. ગુણાતીત સંતનો મહિમા મહારાજના શ્રીમુખે.

૪. ઉપાસનાનું મહત્ત્વ.

**પ્રશ્ન.૨. પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** (૫ ગુણ)

ઉદાહરણ : 'ભગવાનને જે નિરાકાર સમજે, એ તો પંચ મહાપાપ કરતાં પણ અતિ મોટું પાપ છે. એ પાપનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી.'

જવાબ : નિરાકાર સમજવાથી ખોટ.

૧. જીવ ઈશ્વર તણો રે, માયા કાળ પુરુષ પ્રધાન.

૨. જેહ ધામને પામીને પ્રાણી, પાછું પડવાનું નથી રે.

૩. ભગવાનની મૂર્તિની ઉપાસના વિના આત્મા-બ્રહ્મ દેખાય જ નહિ.

૪. સૃષ્ટિ રચવાને સમે પણ પ્રકૃતિ પુરુષ દ્વારે કરીને અનંત કોટિ બ્રહ્માંડોને એ જ ભગવાન ઉપજાવે છે.

૫. તે ભગવાનને મળેલા જે સાધુ તેનો આશ્રય કરવો તો તે થકી પણ જીવનું કલ્યાણ થાય છે.

**પ્રશ્ન.૩. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૪ ગુણ)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. પ્રગટને ઓળખ્યા વગર કસર :

(અ) મંગળરૂપ પ્રગટને મેલી, પરોક્ષને ભજે જે પ્રાણી રે....

(બ) 'એવા સાધુની સેવા કરે તો ભગવાનની સેવા કર્યા તુલ્ય ફળ થાય છે.'

(ક) એવા સંત જમ્યે જમ્યા શ્યામ, જમ્યા સહુ દેવતા.

(ડ) જેવી એ જીવને પરોક્ષને વિષે પ્રતીતિ છે, તેવી પ્રત્યક્ષને વિષે દૃઢપણે પ્રતીતિ થતી નથી.

૨. 'સ્વામી અક્ષર છે' જીવન અને કાર્યના આધારે.

(અ) આજે ધામના ધણી વનવિચરણ કરવા નીકળ્યા છે.

(બ) મને ખોટી વાત ગોઠવણી કરીને બીજાને સમજાવી સ્વાર્થ સાધવો એવું આવડતું નથી.

(ક) મહેમદાવાદના મિથ્યા જ્ઞાની વિદ્વાનોનો પરાભવ કર્યો હતો.

(ડ) સ્વામી મૂળ અક્ષર છે એ વાત મેં ઘણીવાર મહારાજ પાસેથી સાંભળી છે.

**પ્રશ્ન.૪. નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી સિદ્ધાંત લખો.** (૪ ગુણ)

૧. શ્રીજીમહારાજના સર્વોપરીપણાનો ગ્રંથ એટલે 'શ્રીહરિલીલાકલ્પતરુ'.

૨. 'હરિલીલાકલ્પતરુ' ગ્રંથની રચના.

૩. કાલા પહન કે ભી સ્વામી કો અક્ષર કહુંગા.

૪. કડકડતી ઠંડીમાં પણ મહારાજે નાહવા માટે ઠંડું પાણી માંગ્યું.

**પ્રશ્ન.૫. નીચેનામાંથી કોઈપણ બે વિષયનું વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. ગુણાતીત સંતનાં લક્ષણો.

૨. સર્વ કર્તાહર્તા શ્રીજીમહારાજ.

૩. બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા.

૪. ભગવાન નિરાકાર છે તે સમજણ ઉદ્ભવી ક્યાંથી ?

**પ્રશ્ન.૬. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો આપી સમજાવો. (બારેક લીટીમાં )** (૮ ગુણ)

૧. ભગવાનમાં જે દેહભાવ જણાય છે, તે તો નટની માયાની પેઠે સમજવો.

૨. બાપુ રતનજી બોલ્યા, ''સ્વામીના ઓશિયાળા થજો, પણ તેમને ઓશિયાળા કરશો નહિ.''

૩. ભગવાનના હલાવ્યા વિનાનું કોઈનું હલાવ્યું પાંદડું પણ હાલતું નથી.

૪. 'લાડુબા, જીવુબાને ખૂબ મોટી પ્રાપ્તિ થઈ છે.' તેમ મહારાજે કહ્યું.

**પ્રશ્ન.૭. ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેના વાક્યની પૂર્તિ કરો.** (૮ ગુણ)

(ઉપાસનામાં શું સમજવું.)

૧. સગુણપણું અને ............................. અતિશય સૂક્ષ્મ છે.

૨. જીવ ..................... અનાદિ છે.

૩. શ્રીજીમહારાજ પૂર્ણ પુરુષોત્તમનારાયણ ............................. અને દિવ્ય છે.

૪. અક્ષરબ્રહ્મ એક જ ............................. સેવકરૂપે રહે છે.

૫. આ લોકમાંથી અંતર્ધાન ............................. પ્રકારે પ્રગટ છે.

(ઉપાસનામાં શું ન સમજવું.)

૧. અક્ષરબ્રહ્મ અને ............................. ન સમજવું.

૨. શ્રીજીમહારાજની ચાખડી ............................. ન સમજવું.

૩. એકલા અક્ષરબ્રહ્મ જ છે ............................. ન સમજવું.

**પ્રશ્ન.૮.** સદ્ગુરુ ગુણાતીતાનંદ સ્વામીનો સંપ્રદાયના ગ્રંથોમાં ખાસ ઉલ્લેખ નથી તેમ છતાં તેમની આટલી મહત્તા શાથી ? **(૫ ગુણ)**

## વિભાગ - ૨ : સત્સંગ વાચનમાળા ભાગ-૩, યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ

**પ્રશ્ન.૯. નીચેનામાંથી કોઈપણ બે વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે.** (૬ ગુણ)

૧. ''આજે રોજના સમય કરતાં પૂજારીએ નિજમંદિર વહેલું ખોલ્યું.'' **(સ.વા. ૩)**

૨. ''અહીં તો મારું સાસરું છે, મને બધા ઓળખે.'' **(સ.વા. ૩)**

૩. ''તમે બધા નોનસન્સ છો.'' **(યુગવિભૂતિ)**

૪. ''અવાજ ન કરશો, બીજા સૂતા છે, જાગી જશે.'' **(યુગવિભૂતિ)**

**પ્રશ્ન.૧૦. નીચેનામાંથી કોઈપણ બે વિષે કારણો લખો. (નવેક લીટીમાં)** (૬ ગુણ)

૧. દલપતરામે મુક્તાનંદ સ્વામીની વાણીના પ્રવાહને 'ગંગાના પ્રવાહ' તરીકે વર્ણવેલ છે. **(સ.વા. ૩)** **અથવા**

૧. ગોપાળાનંદ સ્વામીએ ધોતિયું ખૂબ તાણીને પહેર્યું. **(સ.વા. ૩)**

૨. સેવા તો સ્વામીશ્રીનો સ્વભાવ છે. **(યુગવિભૂતિ)** **અથવા**

૨. મંગળના રોમે રોમમાં આનંદ વ્યાપી ગયો. **(યુગવિભૂતિ)**

**પ્રશ્ન.૧૧. નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં)** (૮ ગુણ)

૧. ક્ષમાવાન રઘુવીરજી મહારાજ **(સ.વા. ૩)** **અથવા** ૧. આજ્ઞાપાલક પર્વતભાઈ **(સ.વા. ૩)**

૨. મધરાતે થતી પરહિતની પ્રાર્થના **(યુગવિભૂતિ)** **અથવા** ૨. સ્વામીશ્રીની ઈષ્ટભક્તિ **(યુગવિભૂતિ)**

**પ્રશ્ન.૧૨. નીચેના પ્રશ્નોના જવાબ એક વાકયમાં આપો.** (૬ ગુણ)

૧. મુક્તાનંદ સ્વામી નાના સંતો સાથે બેસીને શું જમ્યા ? **(સ.વા. ૩)**

૨. ઉમરેઠમાં દર્શન દઈ શ્રીજીમહારાજે ગોપાળાનંદ સ્વામીને શું કહ્યું ? **(સ.વા. ૩)**

૩. ભગાદોશી કોના પુત્ર હતા ? **(સ.વા. ૩)**

૪. હનુમાનમઢીએ શાની વાતો થતી ? **(યુગવિભૂતિ)**

૫. વડોદરામાં ભગવત્‌ચરણ સ્વામીને સ્વામીશ્રીએ કઈ ટકોર કરી ? **(યુગવિભૂતિ)**

૬. આસ્ટન શહેરના મેયર કોણ હતા ? તેઓ શાના જાણકાર હતા ? **(યુગવિભૂતિ)**

**પ્રશ્ન.૧૩. આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** (૬ ગુણ)

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે. અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીની સાહિત્ય રચના **(સ.વા. ૩)**
(અ) પુરુષોત્તમ પ્રકાશ (બ) સારસિદ્ધિ (ક) નિર્ણય-પંચક (ડ) બ્રહ્મસૂત્ર ભાષ્ય

૨. ભગવાન સ્વામિનારાયણનું વ્યક્તિત્વ **(સ.વા. ૩)**
(અ) રાજદંડ ન કરી શક્યો ને નહીં જ કરી શકે.
(બ) ગુજરાત સદાચારી, અહિંસક અને ગુણવંતું છે.
(ક) ગુજરાતનો ઉદ્ધાર કરનાર અધમોદ્ધારક ને પતિત પાવન.
(ડ) સાક્ષાત્‌ બ્રહ્મનો મૂર્તિમંત આનંદ.

૩. પ્રમુખસ્વામીની અનન્ય પરાભક્તિ **(યુગવિભૂતિ)**
(અ) ઝેર આપનાર સાધુને ૪૦ વર્ષ સુધી સાચવ્યા.
(બ) ભગવાનની આજ્ઞા અને મૂર્તિમાં રહીને કાર્ય કરે છે.
(ક) કંચન અને કામિનીથી મુક્ત.
(ડ) હું કર્તા નથી, કર્તા ભગવાન છે.

## વિભાગ - ૩ : નિબંધ

**પ્ર.૧૪. નીચેનામાંથી કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો.** (૨૦ ગુણ)

૧. અત્યંત વૈરાગી છતાં પ્રભુમાં અનુરાગી પ્રમુખસ્વામી મહારાજ

૨. જોવા જેવા એક ભગવાન ને સંત જ છે.

૩. ભક્તિનું ઋતુ સૌંદર્ય - ચંદનના વાઘા

* * *

---

**અગત્યની નોંધ :-**

(૧) મુખ્ય પરીક્ષા દિને વર્ગખંડમાં હાજર રહેલ પ્રત્યેક પરીક્ષાર્થી ભૂલ્યાં વગર વર્ગસુપરવાઇઝર પાસેથી પોતાની જ વિગત દર્શાવતું સ્ટીકર મેળવી લઈને પોતાની જ જવાબવહીના મુખ્ય પૃષ્ઠ ઉપર દર્શાવેલ જગ્યામાં ચોંટાડ્યા બાદ વર્ગસુપરવાઇઝરની સહી જવાબવહી ઉપર કરાવી લે. **વર્ગસુપરવાઇઝરની સહી વગરની જવાબવહી માન્ય ગણાશે નહીં.**

(૨) પરીક્ષાર્થી ફક્ત વાદળી અથવા કાળી શ્યાહીવાળી પેનથી જ જવાબવહીમાં ઉત્તરો લખે. પેન્સિલથી, લાલ, લીલી કે અન્ય શ્યાહીથી લખેલ ઉત્તરો માન્ય ગણાશે નહીં.

(૩) **'સત્સંગ પ્રવીણ' પરીક્ષાના અભ્યાસક્રમમાં અગત્યનો સુધારો**

'સત્સંગ પ્રવીણ' પ્રશ્નપત્ર-૧ના વિભાગ-૨માંથી 'પ્રેરણામૂર્તિ પ્રમુખસ્વામી મહારાજ' - લેખક : મુકુલભાઈ કલાર્થી પુસ્તકને ફેબ્રુઆરી ૨૦૦૩ તથા જુલાઈ ૨૦૦૩ માટે તથા ત્યારબાદનાં વર્ષોમાં લેવાનાર પરીક્ષામાંથી રદ કરવામાં આવેલ છે. તેના બદલે નીચે દર્શાવેલ પુસ્તકનો અભ્યાસક્રમમાં સમાવેશ કરેલ છે.

**પુસ્તકનું નામ : 'યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ'** **લેખકઃ સાધુ અક્ષરવત્સલદાસ**
**પ્રકાશકઃ સ્વામિનારાયણ અક્ષરપીઠ** **તૃતીય આવૃત્તિઃ જુલાઈ ૨૦૦૦**

**નોંધઃ-** પરીક્ષાર્થીઓની સંખ્યા મુજબ આ પુસ્તક 'સ્વામિનારાયણ અક્ષરપીઠ', અમદાવાદથી ઓર્ડર આપી મંગાવી લેવા વિનંતી.

**સત્સંગ શિક્ષણ પરીક્ષા કાર્યાલય**